C.C. No.16005 / 2021

## <u>આંક :– ૧ નીચે હુકમ</u>

૧. આ કામે વર્તમાન આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબના ગુન્હા અંગેનું, કલમ–૧૭૩ પ્રમાણે ચાર્જશીટ રજુ કરવામાં આવતા, કલમ –૨૦૪ પ્રમાણે પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

૨. આ કામે શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી દ્રારા એવી રજુઆત કરી ગયેલ છે કે, સમગ્ર ચાર્જશીટ તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા વિનંતી છે.

૩. સદરહું ચાર્જશીટ વંચાણે લેતા, આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા કલમ–૧૮૮ મુજબના ગુન્હા અંગેનો આક્ષેપ છે ત્યારે, ફોજદારી કાર્યરીતિ સંહિતાના પ્રકરણ–૧૪, કલમ–૧૯૦ વંચાણે લેવી જરૂરી છે. જેમા, મેજિસ્ટ્રેટ દ્રારા ગુન્હાઓનો સંજ્ઞાન લેવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. આ કલમની શરૂઆતના શબ્દો વંચાણે લેવામા આવે તો ''**આ પ્રકરણની જોગવાઈઓને આધિન**'' એટલે કે, કલમ ૧૯૫ ધ્યાને લેવી જરૂરી રહે છે. આ કલમ વંચાણે લેતા, જાહેર નોકરના અધિકારનો તિરસ્કાર, ન્યાય વિરૂધ્ધના ગુન્હા તથા પુરાવામાં આપેલ દસ્તાવેજો સંબંધી ગુન્હા ઓ માટે ફોજદારી કાર્યરીતિ અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. કલમ–૧૯૫(૧)(ક)(૧) કોઈ પણ અદાલત ભારતીય દંડ સંહિતાની કલમ–૧૭૨ થી ૧૮૮ (બંન્ને સહીત) હેઠળ સજા પાત્ર કોઈ ગુન્હાઓ અંગેનું સંજ્ઞાન લઈ શકશે નહી. સિવાય કે સંબંધીત જાહેર નોકરે ફરીયાદ કરી હોય અથવા તે જેને આધિન હોય તેવા જાહેર નોકરે લેખીત માં ફરીયાદ કરેલ હોય. આમ, કલમ–૧૮૮ના ગુન્હા અંગેનું સંજ્ઞાન કાયદાકીય જોગવાઈને લક્ષમાં લેતા લઈ શકાય નહી.આ તબકક નામદાર ગુજરાત હાઈકોર્ટના નીચેના ચુકાદાઓમાં પ્રસ્થાપીત કરવામાં આવેલા સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી છે. જેમા, આ કાયદાની કલમ ૧૯૦ તથા કલમ–૧૯૫ ની વિગતવારની ચર્ચા કરી એવુ ઠરાવવામા આવેલ છે કે, કલમ–૧૮૮ ના ગુન્હા અંગેનુ સંજ્ઞાન મેજિસ્ટ્રેટ ચાર્જશીટ ઉપરથી લઈ શકે નહી. **૧.** ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૭૪૭૩/ ૨૦૨૦, સાજીદખાન વાહીદખાન પઠાણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ **૧૪/૦૬/૨૦૨૧ ૨.**ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૩૧૨૬૪/૨૦૧૬, પરસોતમભાઈ ઓધવજી સોલંકી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૦૪/૧૧/૨૦૨૦

**૩.** ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૧૧૬૭૫/૨૦૧૫, હાજી ઉસ્માન સુલમાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, નિર્ણય તારીખ ૨૨/૦૧/૨૦૨૦ **૪.**સ્પેશ્યલ ક્રિમીનલ અરજી નં. ૪૧૦૫/૨૦૧૭, મોહમ્મદ હુશેન મોહમ્મદ ઈરફાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૧૫/૦૨/૨૦૧૯ **૫.**ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૭૨૮૬/૨૦૧૭, મેરુભાઈ મેદાભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૧૦/૧૧/૨૦૧૭ **૬.** સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન નં.૭૯૧૩ / ૨૦૧૭, જાહીદ ભગત વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૦૩/૧૧/૨૦૧૭. **૭.** ક્રિમીનલ અરજી નં. ૬૩૨/૨૦૧૫, **ગોર્વધનભાઈ ઠાકોરદાસ અસરાની** વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૧૩/૦૪/૨૦૧૭ **૮.** સ્પેશ્યલ ક્રિમીનલ પરચુરણ અરજી નં.૬૨૪૪ / ૨૦૧૫, નરેન્દ્રસીંહ અર્જુનસીંહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૨૭/૧૦/૨૦૧૫.

૪. વધુમાં, જો સદરહું ગુન્હા અંગેનું સંજ્ઞાન લેવામાં આવેલ હોય તો તે **સમગ્ર કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂઆતથી જ હકુમત વગરની છે.** તેવુ નામદાર સર્વોચ્ચ અદાલતે નીચેના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે.

Daulat Ram
V/S
State of Punjab And Haryana 1962(0)
AIJEL-SC-7349,
Date :- 25/01/1962..

4... In our opinion, this is not a due compliance with provisions of that section. **What the section Contemplates is that the complaint must be in writing by the public servant concerned and there is no such compliance in the present case.** The cognizance of the case was therefore wrongly assumed by the court without the complaint in writing of the public servant namely the Tehsildar in this case. **" The trial was thus without Jurisdiction ab intio and the conviction cannot be maintained. "**

૫. આ તબકકે ફોજદારી કાર્યરિતી અધિનીયમની કલમ–૨૫૮ ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**કલમ–૨૫૮ કેટલાક કેસ માં કાર્યવાહી બંધ રાખવાની સતા :–**

ફરીયાદ પરથી દાખલ થયેલા હોય તે સિવાયના કોઈ સમન્સ–કેસમાં પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટની પૂર્વમંજૂરીથી અન્ય કોઈ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ, ચુકાદો

ઘોષિત કર્યા સિવાય તેના કારણોનોં આધીને કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકશે તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો નિર્દોષ ઠરાવી મુકત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકશે તથા આવા છુટકારાથી બિનતહોમતે મુકત કરવામાં આવે તેવી અસર થશે.

૬. આમ, ઉપરોકત કલમ વંચાણે લેતા ફરીયાદ ઉપરથી દાખલ થયેલ હોય તે સિવાયના કોઈ સમન્સ કેસમાં મેજિસ્ટ્રટને, ચુકાદો ઘોષિત કર્યા સિવાય કારણો નોંધીને, કોઈ પણ તબકકે, કાર્યવાહી બંધ રાખી શકશે તેવી સતા મળેલ છે. વિશેષમાં, જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધાયેલ હોય અને આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો નિર્દોષ ઠરાવી મુકત કરશે તથા અન્ય કોઈ કિસ્સામા આરોપીને છોડી મુકવામાં આવશે અને તેની અસર બીનતહોમત મુકત કરવામાં આવેલ હોય તેવી થશે.

૭. આ કામે આરોપી વિરૂધ્ધ પ્રોસેસ ઈસ્યુ કરવાનો જે હુકમ કરવામાં આવેલ છે. તે શરૂઆતથી જ હકુમત વગરનું હોય, આ કાયદાની કલમ–૨૫૮ મુજબ હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી બંધ કરી તેમજ આરોપી વિરૂધ્ધ મુખ્ય સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આથી, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૫૮ પ્રમાણે મળેલ સતાની રૂએ બંધ કરી, આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબના શીક્ષાપાત્ર ગુન્હામાથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૦, માહે–જુલાઈ, સને–૨૦૨૧ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૦/૦૭/૨૦૨૧
વડોદરા.

**( પરવેઝહુસેન સાબીરહુસેન સિન્ધી )**
***જયુડી. મેજી. ફ.ક.,બીજી કોર્ટ,***
**વડોદરા.**
**કોડ નં. જી. જે. ૦૦૯૮૨**